# મીડિયાથી માહિતી છુપાવી ધાનેરા પોલીસ સ્ટેશન ઓફીસર ઉઘરાણા કરતી હોવાનો આક્ષેપ

## આરોપીઓના નામ મીડિયા સુધી ન પહોંચે તે માટે મોટાપાયે સેટીંગ કરાય છે


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ધાનેરા, તા.૧૪
બનાસકાંઠા ના ધાનેરા પોલીસ મથક માં પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતી પી.એસ.ઓ નાનીબેન પોલીસ સ્ટેસન ને જાણે પોતાના બાપ ની જાગીર સમજતી હોય તેમ ઉચ્ચ અધિકારીએ કરેલી કામગીરી મીડિયા થી છુપાવી રહી છે અને ગુનેગારો ને બચાવી રહી છે જો આ પી.એસ.ઓ ઉચ્ચ અધિકારી કરી ની વાત ને પણ ન સંભાળતી હોય તો આમ પ્રજાની વાત જ શી ? પી.એસ.ઓ. આરોપીઓના નામ મીડીયા સુધી ન પહોંચે તે માટે સેટીંગ કરાવી રહ્યા હોવાની ઉગ્ર ફરિયાદો ઉઠવા પામી છે.

બનાસકાંઠા ની ધાનેરા પોલીસે મથક ના પી.એસ.આઈ એસ.એન.પટેલે પોતાના સ્ટાફ સાથે વોચ ગોઠવી ધાનેરા ના મેવાડા ગામ પાસે થી જીવ ના જોખમે એક દારૂ ભરેલી બોલેરો ગાડી ઝડપી પડી હતી અને ગાડી ના ચાલક ને પણ ઝડપી પડ્યો હતો અને પોલીસે દારૂ અને ગાડી પર કબજે મેળવી આરોપી ને જેલ ના સળિયા પાછળ ધકેલી દીધો હતો અને આ બાબત નો ગુનો ધાનેરા પોલીસ મથક માં નોધાયો હતો પરંતુ ધાનેરા પોલીસ મથક માં પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતી નાનીબેન જાણે કે આવાત પર પડદો પાડવા માંગતી હોય તેમ પી.એસ.આઈ અને પોતાના સ્ટાફે કરેલી કામગીરી મીડિયા થી છુપાવા લાગી હતી આ બાબતે પી.એસ.આઈ એસ.એન પટેલે નાનીબેન ને કહેવા છતાં પણ તેને માહિતી આપી ન હતી અને માહિતી લેવા જનાર સામે દાદાગીરી કરવા લાગી હતી અને ખાખી વર્ધી નો રોફ બતાવવા લાગી હતી જેથી લોકો કહી રહ્યા છે કે આ પી.એસ.ઓ જો પી.એસ.આઈ ની વાત સંભાળવા તૈયાર નથી તો લોકો ની વાત ક્યારે સંભાળશે જો લોકો ની વાત કરવામાં આવે તો થોડા દિવસ અગાઉ એક ગરીબ ખેડૂત ના ખાતા માંથી રૂપિયા ૯૭ હાજર કોઈ અજાણ્યો ઈસમ ઉપાડી ગયો હતો અને ખેડૂત જયારે પોલીસ મથકે ફરિયાદ આપવા ગયો ત્યારે આ પી.એસ.ઓ નાનીબેને ખેડૂત ની ફરિયાદ ના બદલે ફક્ત અરજીજ સ્વીકારી હતી અને તે બાબતે પણ તેને પૂછતા તેને અરજી સ્વીકાર્યા નો મીડિયા સામે ઈનકાર કર્યો હતો અને એ ગરીબ ખેડૂત આજે પણ પોતાના પૈસા પાછા લાવવા માટે ધાનેરા પોલીસ મથક ના ધક્કા ખાઈ રહ્યો છે હવે જોવાનું એ રહે છે કે પોલીસ ની આબરૂ ના ધજાગરા ઉડાવનાર પી.એસ.ઓ નાનીબેન સામે શું ?કાર્યવાહી થાય છે અને કોણ કરે છે તે તો આવનારો સમયજ બતાવશે.

## ખેડબ્રહ્મા કોલેજમાંથી સીસીટીવી કેમેરા ચોરાયા

ખેડબ્રહ્મા, તા. ૧૪
ખેડબ્રહ્મા શહેરની ડી. ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાંથી રવિવાર રાત્રે કોઈ ચોર ઈસમ સીસીટીવી કેમેરા ચોરી ગયા હતા. ખેડબ્રહ્માની આર્ટસ અને કોમર્સ કોલેજમાં રવિવાર રાત્રીના સમયે કોઈ ચોર ઈસમો કોલેજમાં લગાવેલ સીસીટીવી કેમેરાઓમાંથી બે કેમેરા ચોરી કરી ગયા હતા જે અંગે કોલેજના આચાર્ય નટવરભાઈ ડી. પટેલે કોઈ અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.

## ધી ચીચણો સેવા મંડળીના ચેરમેન, વાઈસ ચેરમેન ચૂંટાયા

ભિલોડા, તા. ૧૪
અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ધી ચીચણો સેવા સહકારી મંડળીની તાજેતરમાં પ્રેમજીભાઈ બી. પટેલના અધ્યક્ષતામાં મળેલ કારોબારી સભામાં મંડળીના ચેરમેન પદે રાજેશભાઈ દેવરણભાઈ પટેલ અને વા. ચેરમેન પદે પુંજારા ધુળાભાઈ કોદરભાઈની સર્વાનુમતે બિનહરીફ વરણી સતત બીજીવાર કરવામાં આવી છે. તેમની વરણીને આવકારીને સહકારી આગેવાનો અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ખંભીસર ટેલીફોન એક્ષ્ચેન્જમાં ત્રીજી વાર ચોરી

મોડાસા, તા.૧૪
મોડાસા તાલુકાના ખંભીસર ગામે રોડ પર આવેલા ટેલીફોન અક્ષ્ચેન્જમાં ત્રીજી વાર ચોરી થતા હાહાકાર મચી જવા પામ્યો છે. શુક્રવારના રાત્રે અજાણ્યા શખ્સોએ એક્ષ્ચેન્જના દરવાજાનું તાળુ તોડી અંદર ઘુસી તોડફોડ મચાવી વાયરો કાપી નાખ્યા હતા તેમજ પંખાના પાંખીયા પણ વાળી દીધા હતા. આ ઉપરાંત તાંબાના વાયર તેમજ પ્લેટો ઉઠાવી ગયા હતા.અગાઉ અંદાજે બે વર્ષ પહેલા પણ આ ટેલીફોન એક્ષ્ચેન્જને નિશાન બનાવી બે વખત ચોરી થઈ હતી જો કે ટેલીફોન એક્ષ્ચેન્જમાં ઉગી નીકળેલા વિલાયતી બાવળોથી ઘેરાયલું, ટેલીફોન એક્ષ્ચેન્જ અસામાજીક તત્વો અને તસ્કરો માટે બિંદાસ અને મોકળુ મેદાન બની ગયું છે. તંત્ર દ્વારા નકામા ઉગી નીકળેલા વિલાયતી બાવળો દુર કરવામાં આવે એવી લોકો દ્વારા માંગ કરવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લાની શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા શોભાના ગાઠીયા સમાન

મોડાસા, તા. ૧૪
અરવલ્લી જીલ્લા માં પીવાના પાણીમાં ક્ષાર ની માત્રા સવિશેષ છે




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ત્યારે -નથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો પાણીજન્ય રોગોનો શિકાર ન બને તે માટે -નથમિક શાળાઓમાં આર ઓં પ્લાન્ટ લગાવવા સરકારે ઘણા સમય પહેલા સુચના આપી હતી પરંતુ જીલ્લાની મોટાભાગ ની શાળાઓમાં આ સુવિધા ઉલ્પબ્દ્ધ કરાઈ નથી અને જયાં આ સુવિધા છે તે પ્લાન્ટ પણ બંધ હાલતમાં હોવાથી બાળકો આજે પણ ક્ષાર યુક્ત પાણી પીવા મજબુર છે.

અરવલ્લી જીલ્લા ની -નથમિક શાળાઓમાં સરકારના આદેશ મુજબ કેટલીક શાળાઓમાં બાળકો ને શુદ્ધ પીવાનું પાણી મળી રેહે તે માટે આર ઓં અને યુ વી પ્લાન્ટ લગાવવા માં આવ્યા હતા પરંતુ આ પ્લાન્ટ કેટલાક કારણોસર આજ દિન સુધી ચાલુ જ કરી સકાય નથી ક્યાંક પાઈપ લાઈન નો -શ્ન છે તો ક્યાંક આર ઓંકે યુ વી ના મશીન માંખરાબી છે તો ક્યાંક મોટર નો -શ્ન છે મોડાસા ની સર્વોદય નગર જેવી અન્ય મોટી શાળાઓ કે જયાં ૬૫૦ થી પણ વધુ બાળકો અભ્યાસ કરે છે તેવી શાળાઓ ની હાલત તો બાળકોના પીવાના પાણી ના -શ્નથી મુશ્કેલી રૂપ બની છે ત્યારે સરકારના રૂપિયાનું આધણ કરી લગાવેલ આવા ક્ષતીગ્રસ્ત પ્લાન્ટ સત્વરે ચાલુ કરાવવામાં આવે તે અત્યત જરૂરી છે.

-અરવલ્લી જીલ્લાની ૧૨૪૨ -નથમિક શાળાઓમાં બાળકો ને પીવાનું સુદ્દ પાણી મળી રહે તે માટે આર ઓં પ્લાન્ટ લગાવવાના સરકારી પરિપત્ર બાદ માંડ ૨૫ ટકા શાળાઓમાં આવા આર ઓં પ્લાન્ટ લગાવાયા છે પરંતુ તે માના ધણા ખરા પ્લાન્ટ યેનકેન રીતે બંધ હોવાથી બાળકો આજે પણ પીવાના સુદ્ધ પાણી થી વંચિત રહ્યા છે ત્યારે આવા ક્ષતીગ્રસ્ત પ્લાન્ટ સત્વરે રીપેર કરી ચાલુ કરાવવા જોઈએ તેમજ જે શાળા ઓમાં આવા પ્લાન્ટ લગાવાયા નથી તે લગાવી બાળકો ના આરોગ્ય ની ચિંતા ખરા અર્થ માં રાખી પાણીજન્ય રોગથી બચાવવા પગલા લગાવાયા છે જેમાંથી કેલ્કિક શાળાઓમાં આ પ્લાન્ટ બંધ હોઅવાની વિગતો -ગ્ઞ થઈ છે ત્યારે આગામી દીવશોમાં આવા ક્ષતીગ્રસ્ત પ્લાન્ટ ને ચાલુ કરાવવા જડપી કાર્યવાહી હાથ ધરવા માટે બી આર સી ને સુચના આપી દેવામાં આવી છે જયારે બાકીની શાળાઓને આપવામાં આવતી ગ્રાન્ટ માંથી ખર્ચ કરવા સુચના આપી દેવાશે.

અરવલ્લી જીલ્લા માં પીવાના પાણી માં ફ્લોરાઈડ ની માત્ર વધુ હોવાનું અનેક વખત થેલા પરીક્ષણો ધ્વારા સાબિત કરાયું છે ત્યારે આવું પાણી પીવાથી બાળકો પાણીજન્ય રોગથી બચે તે માટે -નથમિક શાળાઓમાં આર ઓં અને યુ વી પ્લાન્ટ લગાવવા કેટલાક સમયથી પરિપત્ર થઈ ચુક્યો છે પરંતુ મોટા ભાગ ની શાળાઓ માં આજે પણ આવા કોઈ પ્લાન્ટ લગાવાયા નથી અને માંડ ૨૫ ટકા શાળાઓમાં આવા પ્લાન્ટ લગાવાયા છે તેમન ઘણા ખરા ક્ષતીગ્રસ્ત હોવાથી બંધ હાલતમાં સડી રહય છે ત્યારે બાળકો ના હિતમાં યોગ્ય પગલા લઈ આવા પ્લાન્ટ ચાલુ કરાવવા કાર્યવાહી હાથ ધરાય તે અનિવાર્ય છે.


ડીસા હિન્દુ ધર્મશાળા ખાતે આમ આદમી પાર્ટીની મિશન વિસ્તાર અંતર્ગત ગુજરાતના પ્રભારી આશિષ ખેતાનને જવાબદારી સોંપાયા બાદ ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણીની આમ આદમી પાર્ટીએ તૈયારી કરી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા પ્રભારી દિલીપભાઈ ચૌહાણને નોર્થ ઝોનની જવાબદારી સોંપાયા બાદ ૧૨ થી ૧૭ જુલાઈ દરમ્યાન કાર્યકર્તાઓને મળવાનો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત મંગળવારે ડીસા હિન્દુધર્મ શાળામાં કાર્યકરો સાથે ચર્ચા કરી હતી. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)


**ભિલોડામાં માતૃશ્રી કડવીબાય ટ્રસ્ટ દ્વારા શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું**

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેઘરાજા રીસાયા હોય તેમ લાંબો વિરામ મેઘરાજાએ લીધો છે.ખેડુતો અને પશુપાલકો ચિંતીત બન્યા છે. અધિક અષાઢ માસમાં ચૈત્ર માસ જેવી કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેતા ખેડુતો,પશુપાલકો,અબાલ-વૃધ્ધ-નાના-મોટા સૌ-કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ ધ્વારા મેઘરાજાને રીઝવવા પ્રાર્થના સભાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા જન સેવા સંઘ,વહીવટદાર કમલેશકુમાર મહેતા, ગુણવંતભાઈ ત્રિવેદી, મનોજભાઈ પટેલ, અનિલભાઈ રાવલ, રામઅવતાર મિસ્ત્રી, એન.આર.એ. વિદ્યાલય આચાર્ય વી.ટી.ચૌહાણ,સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં પાણીની ટાંકી અને બોર પમ્પનું લોકાર્પણ

## પ્રમુખ કૈલાસબેને વિરોધપક્ષ હવનમાં હાડકા નાખતા હોવાનો આક્ષેપ કર્યો

ડીસા, તા. ૧૪
ડીસા નગરપાલિકા -મુખ કેલાશબેન શાહ દ્વારા ' જળ એજ જીવન 'સૂત્ર ને આગળ ધપાવી વર્ષોથી પીવાના પાણી માટે વલખા



મારતા શહેર નાં આઈસોલેટેડ વિસ્તારો માં પાણી પુરવઠા -નેજેક્ટ અંતર્ગત લાખો રૂપિયાના ખર્ચે પાણી પુરવઠા સ્પલાયની ૪૦ કિલોમીટર પાઈપ લાઈન નાં કામોનું લોકાર્પણ કરાયું હતું. જેનાથી વર્ષોથી પાણી માટે અંદાજીત ૧૫ વર્ષથી ટલવળતાં અનેકોને રાહત પહોચી હતી.જોકે પાલિકા -મુખ કેલાશબેન શાહે ચાર વર્ષથી આ જાહેરહિત નાં કામો ખોરંભે પાડવામાં વિરોધ પક્ષના લોકો રાજકીય કિન્નાખોરી કરતા હોવાનો ધડાકો કરતા અને તેમાં સ્થીંક એવા ડીસા ના કોન્ગ્રેસ્સના ધારાસભ્ય ગોવાભાઈ એ પણ સમર્થન આપતા રાજકીય વિવાદ છેડાયો છે

બનાસકાંઠા ના વહેપારી મથક ડીસા નાં કેટલાક આઈસોલેટેડ વિસ્તારો માં પીવાના પાણી ની મોટી સમસ્યા હતી છેલ્લા ૧૫ વર્ષથી પાણી માટે વલખા મારતા લોકો ની વ્હારે જેતે સમયના તત્કાલીન પાલિકા -મુખ વિપુલભાઈ શાહ અને ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ એ સરકાર અને જીલ્લા કલેકટર માં આ મુદ્દે અનેકોવાર રજુઆતો કરી હતી જેમાં થોડા વર્ષો અગાઉ ડીસા નગરપાલિકા દ્વારા ' જળ એજ જીવન 'તેમજ પાણી પુરવઠા -નેજેક્ટ વર્ષ ૨૦૧૧ અંતર્ગત સ્ટેટ ફંડ યોજના દ્વારા રૂપિયા ૧૧૩૫ લાખના ખર્ચે ઉંચી ટાંકીઓં,બોર સંમ્પ અને પાણી સપ્લાયની ૪૦ કિલોમીટર લાંબી પાઈપ લાઈન નું લોકાર્પણ કરાયું હતું,જોકે વીજ વિભાગ દ્વારા આ તમામ જગ્યાએ મુખ્ય જરૂરીયાત એવી વીજ કનેક્શન આપવા માં અગમ્ય કારણોસર વિરોધ કરતા છેલા ચાર વર્ષ થી આ કામ ખોરંભે પડ્યું હતું, આ કામ માં અનેકો વાર પાલિકા -મુખે જાહેર સુખાકારી સુવિધાના આ કામમાં વીજ કનેક્શન માટે કલેકટરને દરમ્યાન ગીરી કરવા રજૂઆત કરતા ફળડાઈ પરિણામ આવ્યું હતું અને શહેરના લાલાચાલી વિસ્તાર ,હિમાલયા સોસાયટી વિસ્તાર અને -જાપતિ નગરમાં ઉંચી ટાંકી અને બોરનું લોકાર્પણ કરાયું હતું, બોરના પાણીના વહેતા ઘોધ ને વધાવી કોન્ગ્રેસના પાલિકા -મુખ કેલાશબેન શાહે લોકો ને શુભેચ્છા આપતા વિરોધ પક્ષ એવા ભાજપ ને આડે હાથ લઈ જાહેર સુખાકારી સુવિધામાં તે અડચણ કરતા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો


સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેઘરાજા રીસાયા હોય તેમ લાંબો વિરામ મેઘરાજાએ લીધો છે. ખેડુતો અને પશુપાલકો ચિંતીત બન્યા છે. અધિક અષાઢ માસમાં ચૈત્ર માસ જેવી કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, અબાલ-વૃધ્ધ-નાના-મોટા સૌ-કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ ધ્વારા મેઘરાજાને રીઝવવા પ્રાર્થના સભાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા જન સેવા સંઘ, વહીવટદાર કમલેશકુમાર મહેતા, ગુણવંતભાઈ ત્રિવેદી, મનોજભાઈ પટેલ, અનિલભાઈ રાવલ, રામઅવતાર મિસ્ત્રી, એન.આર.એ. વિદ્યાલય આચાર્ય વી.ટી.ચૌહાણ, સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝા સ્થાનિક પોલીસ તંત્રની કામગીરી સામે રહિશોનો ઉગ્ર વિરોધ

ઊંઝા, તા. ૧૪
વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા શહેરમાં સ્થાનિક પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે અસામાજીક બદીઓએ ભારે ઉપાડો લીધો છે. તાજેતરમાં ગાંધીનગર આર.આર. સેલે શહેરમાં દારૂ અને જુગાર અંગે દરોડાઓ પાડતાં સ્થાનિક પોલીસતંત્ર ઉંઘતુ ઝડપાયું છે.

તાજેતરમાં ગાંધીનગર આર.આર.સેલે ઊંઝા શહેરની સીમમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બાદ ઊંઝા ખાતે હાઈવે પર નવિન બનાવાયેલ સુપથ્ય કોમ્પ્લેક્ષની એક ભાડાની દુકાનમાં તીનપત્તીના ચાલતા જુગારધામ પર ગાંધીનગર આર.આર.સેલે સાંજના ચારેક વાગે અચાનક દરોડો પાડી જુગાર રમતા રમાડતાં દસ ઈસમોને પકડી પાડ્યા હતા. બાદ તેઓની અંગ ઝડતી કરીને તેઓની પાસેથી ૨૭૬૬૦ની રોકડ રકમ અને રૂપિયા ૩૪૦૦૦ની કિંમતની મત્તાના ૧૧ મોબાઈલ ફોન મળી કુલ ૬૧૬૬૦નો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જુગારના દરોડામાં પકડાયેલા ઈસમોમાં નિલ ધર્મેન્દ્રભાઈ પટેલ, મિતેશ રમણભાઈ પ્રજાપતિ, પ્રજ્ઞેશ જયપ્રકાશ પંચાલ, હાર્દિક રમેશભાઈ નાયી, અક્ષર દિનેશભાઈ પટેલ, આકાશ અલ્પેશભાઈ પટેલ, સાગર કિર્તીભાઈ પટેલ, મનન કિરણભાઈ નાયક, સની જગદીશભાઈ પટેલ અને જય જયંતિભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦